બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :

# પ્રિય પુત્ર ગુલામ બને છે



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Byron Unger; Lazarus

અનુકૂલન : M. Kerr; Sarah S.

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2017 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

ઈસ્હાક ખૂબ જ ખુશ હતો. કારણ કે તેનો પુત્ર યાકુબ ઘરે આવ્યો હતો. જે એસાવે તેના ભાઈને મારી નાંખવાની માનતા લીધી હતી તેણે

તેનું સ્વાગત કર્યું હતું.



પણ યાકૂબના બાળકો યુસુફ સાથે ખુશ ન હતાં. યુસુફ તેમનો નાનો ભાઈ હતો અને તે તેના પિતાનો પ્રિય પુત્ર હતો.



જ્યારે યુસુફે પોતાના સ્વપ્નો પોતાના ભાઈઓને કહ્યા ત્યારે તેઓ ગુસ્સે ભરાયા. "મારી ઘાસની પૂળી ઉભી રહી અને તેની આગળ તમારી પૂળીઓ નમ્યા." યુસુફે કહ્યું. આ સ્વપ્નનો અર્થ એમ કે તે પોતાના ભાઈઓ કરતાં મહત્વનો વ્યક્તિ બનશે.



યૂસફના બીજા સ્વપ્નમાં સૂર્ય, ચંદ્ર તથા તારાઓ તેની આગળ નમ્યા. એ સમયે તેના પિતા યાકુબ પણ તેના પર ગુસ્સે થઈ ગયા. કે તેણે પોતાને મા-બાપ તથા ભાઈઓ કરતાં પણ ઉપર કર્યો હતો.



એક દિવસે યાકૂબે પોતાના દીકરા યુસફને ખેતરમાં મોકલ્યો, કે જ્યાં તેના બીજા ભાઈઓ ઘેટાં ચરાવતા હતા.



તેનાં ભાઈઓએ તેને જોયો કે તે આવી રહ્યો હતો. “ચાલો આપણે સ્વપ્નપતિને મારી નાંખીએ.” તેઓ બોલ્યા. યુસફને ખબર ન હતી કે તેની પાસે જોખમ આવી રહ્યું છે.



રેઉબેન જે સૌથી મોટો દીકરો હતો, તે તેઓ સાથે સંમત થયો નહીં. "આપણે આપણા ભાઈનું લોહી વહેવડાવવું જોઈએ નહીં." તેણે કહ્યું. "જુઓ અહીં એક ખાડો છે, તેમાં નાખી દઈએ ને તેને ત્યાં મરવા દો!" રેઉબેને યુસફ પર આવનાર અંધકારથી બચાવવા યોજના કરી.



જ્યારે યુસફ
આવી પહોંચ્યો
ત્યારે તેના
ભાઈઓએ તેને
પકડ્યો, અને યાકુબે
તેના પ્રિય પુત્ર માટે
સીવડાવેલો
રંગબેરંગી જામો
ઉતારી લીધો.



ત્યારબાદ
તેઓએ તેને
ભયંકર ખાડામાં
ફેંકી દીધો.



જ્યારે રેઉબેન ગેરહાજર હતો ત્યારે
દૂર મિસર દેશમાં જતો ઊંટોનો સંઘ
ત્યાંથી પસાર થઈ રહ્યો હતો.
“ચાલો આપણે યુસફને વેચી
દઈએ.”





યહૂદા, તેના ભાઈએ મોટા
અવાજે કહ્યું, વાત થઈ ચૂકી હતી.
તેઓએ ચાંદીના વીસ સિક્કામાં
યુસફને વેચી દીધો.





જ્યારે લચકતા ઊંટ તેના પોતાના કુટુંબ અને વતનથી
દૂર લઈ જવા માંડ્યા ત્યારે તે રડમશ અને
ડરાયેલા ચહેરે યુસફ બધું
નિહાળી રહ્યો હતો.





“શું આ યુસફનો જામો છે?” તે તો લોહીવાળો છે. “અમને તે રણમાંથી મળ્યો.” આ ઘાતકી ભાઈઓએ યાકૂબને માનવા મજબૂર કરી દીધા કે કોઈ જંગલી જાનવરે તેના પ્રિય પુત્રને ફાડી ખાધો હશે. યાકૂબે પોતાના કપડાં ફાડ્યાં અને રૂદન કર્યું. કોઈપણ વ્યક્તિ તેને દિલાસો આપી શક્યું નહીં.



યુસફ મિસર દેશમાં ઉઘાયેલો તથા એકલો બની ગયો હશ. કદાચ તેને ઘરે આવવાની ઈચ્છા થઈ આવી હશે. પણ તે ત્યાંથી છુટકી શકતો ન હતો. તે એ મહત્વના મિસરી વ્યક્તિ પોટીફારને ત્યાં ગુલામ બનીને રહેતો હતો. પોટીફારે જોયું કે યુસફ ખુબ જ મહેનતું હતો અને તેના પર ભરોસો કરી શકાય તેમ હતું.

“તારું સઘળું કામ સારી રીતે થાય છે.” એક દિવસે પોટીફારે યુસફને જણાવ્યું. “ઈશ્વર તારી સાથે છે. હું તને મારા ઘરમાં મારા બધા ધંધા તથા મારા ગુલામ પર તને અધિકારી બનાવીને મુખ્ય કારભારી બનાવવા માગુ છું.”



યુસફના કારણે પોટીફારને સારો પાક તથા ખૂબ જ ધન આપ્યું હતું. આ મહત્વના વ્યક્તિ યુસફે ભરોસો રાખી અને વિશ્વાસુપણે ઈશ્વરની સેવા કરી. પણ આખરે ભારે સંકટ આવી પડ્યું.



પોટીફારની પત્ની એક દુષ્ટ સ્ત્રી હતી. તેણીએ યુસફને પોતાના પતિનું સ્થાન લેવા માટે પૂછ્યું. પણ યૂસફે તેને માટે ના પાડી. તે ઈશ્વરની વિરૂદ્ધ જઈને પોટીફારને કાંઈ ખરાબ કરવા માંગતો ન હતો.



જ્યારે એ સ્ત્રીએ તેના પર બળજબરી
કરી ત્યારે તે ત્યાંથી નાઠો.
પણ તેણીએ તેન જામો
પકડીને લઈ લીધો.



“તમારો ગુલામ મારા પર હુમલો કરવા આવ્યો હતો.” પોટીફારની પત્નીએ ફરીયાદ કરી.



“આ જુઓ, તેનો જામો અહીં છે” પોટીફાર ગુસ્સે ભરાયેલ હતો. કદાચ તેને ખબર હતી કે તેની પત્ની જુઠ્ઠુ બોલી રહી હતી. પણ તેણે કાંઈ કરવું પડે તેમ હતું.

તે શું કરી શકત?



પોટીફારે યુસફને જેલમાં નંખાવ્યો. જો કે તે નિર્દોષ હતો, છતાંપણ તેનામાં કડવાશ કે ગુસ્સો ન હતાં.



તેના કપરા સમય દ્વારા ઘણું
બધું શીખી રહ્યો હતો. ભલે
તે ગમે તે જગ્યામાં કેમ ન
હોય, ભલે તે જલ પણ
હોય, છતાં તે ઈશ્વરને
માન આપતો હતો.



# પ્રિય પુત્ર ગુલામ બને છે

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

ઉત્પત્તિ ૩૭, ઉત્પત્તિ ૩૯

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦


સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે
મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી
તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો.
જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી
શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું
તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬